# શામળાજીમાં જન્માષ્ટમીની ઉત્સાહભેર ઉજવણી

**શ્રી કૃષ્ણ ભગવાનની ડી.જે.ના તાલે વાજતે-ગાજતે શોભાયાત્રા નીકળી હતી.અબીલ-ગુલાલની છોળો ઉડતી હતી શોભાયાત્રામાં ભાવિક-ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા**

ભિલોડા,તા.૬

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજીમાં શામળીયા ભગવાન કાળીયા ઠાકોરજીના મંદીરમાં અને ટોરડા ગામના શ્રી ગોપાળાનંદ સ્વામીની જન્મભુમી ટોરડા ધામમાં શ્રી સ્વામીનારાયણ મંદીરમાં જન્માષ્ટમીના પાવન પર્વની આનંદ,ઉત્સાહભેર,રંગે-ચંગે ભક્તિભાવ પુર્વક ઉજવણીનો ધાર્મિક કાર્યક્રમ ધામ-ધુમ પુર્વક દબદબાભેર ઉજવાયો હતો.

શામળાજી અને ભિલોડામાં શ્રી કૃષ્ણ ભગવાનની ડી.જે.ના તાલે વાજતે-ગાજતે શોભાયાત્રા નીકળી હતી. શોભાયાત્રામાં અબીલ-ગુલાલની છોળો ઉડતી હતી.શોભાયાત્રામાં ભાવિક-ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. લોકનાયક ભગવાન શ્રી કૃષ્ણ જન્મોત્સવના પાવન પર્વ જન્માષ્ટમીની આનંદ ઉત્સાહભેર ભક્તિભાવપુર્વક ભવ્યાતિભવ્ય રીતે ઉજવણી યોજાઈ હતી. આ મહાપર્વ નિમિત્તે રાત્રે ભજનો, ધુનો, લોક-ડાયરાની રમઝટ ભાવિક-ભક્તોએ બોલાવી હતી. જન્માષ્ટમીના પર્વ નિમિત્તે ભિલોડામાં શ્રી લક્ષ્મીનારાયણ મંદીર ખાતે જન્માષ્ટમીના પર્વની દબદબાભેર ઉજવણી યોજાઈ હતી. ભિલોડાના હાર્દસમા વિવિધ વિસ્તારોમાં મટકીઓ બાધવામાં આવી હતી. ભિલોડામાં ઠેર-ઠેર ઉંચા-ઉંચા પીરામીડો બનાવી ૫૧ મટકી ફોડવાના ભવ્યાતિભવ્ય કાર્યક્રમો ભિલોડાના નવયુવાનો ધ્વારા યોજાયા હતા. શ્રી લક્ષ્મીનારાયણ મંદીર, ચોકલી ચોક થી શ્રી કૃષ્ણ ભગવાનની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ડી.જે. અને બેન્ડ-વાજાની સાથે-સાથે સંગીતની શુરાવલી વચ્ચે વાજતે-ગાજતે શોભાયાત્રા ભિલોડાના વિવિધ માર્ગો ઉપર ફરી નીજ મંદીરે શોભાયાત્રા પરત ફરી હતી. શોભાયાત્રામાં ભાવિક- ભક્તો ભક્તિના રંગમાં રંગાઈ ગયા હતા.નંદ ઘેર આનંદ ભયો... જય કનૈયાલાલ કી... હાથી ઘોડા પાલકી... જય રણછોડ... માખણચોર... ના જયઘોષના નારાઓથી શામળાજી, ટોરડા, ભિલોડા ગુંજી ઉઠ્યું હતું.

# મોડાસાથી રણુજા ૩૧મી વખત ૮૦૦ કિલોમીટરની ભવ્ય પદયાત્રા


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા.૬

અરવલ્લી જીલ્લામાં દર વર્ષ ની જેમ આ વખતે ૩૧મી પદયાત્રા સંગ મોડાસાથી રણુજા ૮૦૦ કિલોમીટરની ભવ્ય પેદલ યાત્રા ૫/૯/૧૫ ને જનમાષ્ટમી ના રોજ નીકળી ૧૮/૯/૧૫ ના રોજ રાજસ્થાનના રામદેવડા પહોચી આ ૧૫૦૦ પદયાત્રિકો રામદેવજીના દર્શન કરશે

વિઓ મોડાસા ના બસસ્ટેશન પાછળ આવેલ લક્ષ્મી સોસાયટી માંથી શ્રી રામદેવ મંડળ સેવા સંગ તરફ થી રામદેવપીરના પરમ ઉપાસક બ્રહ્મલીનમહંત શ્રી ચન્દુનાથ યોગી મોડાસા થી રામદેવડા ની ૮૦૦ કિલોમીટર ની ભવ્ય પેદલ યાત્રા ૧૯૮૫ માં જન્માષ્ટમી ના દિવસે રામદેવજી પ્રેરિત થયી હતી ત્યારે ૨૫ યાત્રીઓ સાથે પ્રથમ વખત સાબરકાંઠા જીલ્લામાંથી શરુ કરાયી હતી ત્યારે મહંત તથા તેમના મિત્રો અને પરિવાર જનો જોડાયા હતા તે વખતે આ પેદલ યાત્રા ૨૦ દિવસે પૂર્ણ કરી હતી શ્રી મહંત ચંદુ ભાઈ યોગી એ સંકલ્પ કરેલો કે દર સાલ જન્માષ્ટમી ના દિને મોડાસા થી પદયાત્રિકો ને લઇ રણુજા જવાનું અત્યારે તેઓ સ્વર્ગમાં સીધાર્યા બાદ પણ તેમના પુત્રો ધર્મેન્દ્ર નાથ અને જસવંત નાથ દ્વારા આ પદયાત્રા નું આયોજન કરવામાં આવે છે જયારે અત્યાર સુધી માં આ મહંત અને તેમના પરિવાર તરફ થી ૫૦૦ જેટલા મંદિરો માં રામદેવજી ની મૂર્તિ નું દાન આપેલું છે અને આ પદયાત્રા માં આ વખતે ૧૫૦૦ થી વધુ ભક્તો જોડાયા છે જેમાં ભાન સત્સંગ સાથે વ્યાસન, કુરિવાજ, અંધવિશ્વાસ જેવા પ્રથાઓ માંથી મુક્તિ ને શપથ લેવડાવી રામદેવજી નો પ્રચાર કરવામાં આવે છે આ વખતે ૫૨ ગજ ની ધજાઓ અને ભજનમંડળીના ભજનોની લહેરો માં મોડાસા વાસીઓએ આ સંગને વિદાય આપી હતી

# બિલેશ્વર મહાદેવ ખાતે લોકડાયરો યોજાયો


(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

મોડાસા, તા.૬

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરના વોલ્વા ગામે શ્રી બિલેશ્વર મહાદેવના જિર્ણોદ્ધાર સમિતિ ધ્વારા ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું જેમાં સંસ્કૃતિક લોકડાયરાના કલાકારો સૌરાષ્ટના ખ્યાતનામ કલાકારો આવી તેની કસુંબલ વાણી પીરસી હતી.

મોડાસાના વોલ્વાગામે આવેલ ખોળલ માતાના મંદિરે એક ભવ્ય ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડાયરો શીતળા સાતમના દિવસે રાખવામાં આવેલ હતો જેમાં સૌરાષ્ટના ખ્યાતનામ કલાકારો નરેશ પંચાલ, પંકજ દવે, ડીમ્પાલી પંચાલ, તથા ટીવી ચેનલના સંગીત કારો ઉપસ્થિત રહ્યા હતા.

જે આ ડાયરો રાખવાનો મુખ્ય ઉદેશ લોકો ઉદાર હાથે ફાળો આપે અને આ મહાદેવના મંદિરનું કામ પૂર્ણ કરી શકાય તે હેતુ થી આ સંસ્કૃતિક લોક ડાયરા નું આયોજન કરવામાં આવ્યું હતું. અને આ ડાયરામાં પવિત્ર શ્રાવણ માસ નિમિતે શિવના ભજન-કીર્તન તથા શિવ સ્તુતિ, ગણેશ સ્તુતિ ગઈને કલાકારોએ મન મોહી લીધા હતા.

# પાલનપુરના કુંભાસણ પાસે જીપને અકસ્માત -૧નું મોત, ૩ ઘાયલ

પાલનપુર, તા.૬

પાલનપુર તાલુકાના કુંભાસણ ગામ નજીક શટલીયા જીપને અકસ્માત નડયો હતો. ગઢથી પાલનપુર તરફ પેસેન્જર ભરીને શટલીયા જીપ આવી રહી હતી. ત્યારે કુંભાસણ નજીક જીપના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. જેને પગલે જીપ રોડ નીચેની ચોકડીમાં ખાબકી હતી. અને ઝાડ સાથે ટકારાઈ હતી. જે અકસ્માતમાં સલ્લા ગામના એક ૩૩ વર્ષીય યુવક નવીનભાઈ ચેલાભાઈ ભરસાડીયાનું મોત નીપજયું હતું. જયારે અન્ય ત્રણ લોકો (૧) દીનાબેન નવિનભાઈ ભરસાડીયા .ઉ.વ.૩૭ રહે. ગઢ (૨) ડાયાભાઈ માનાભાઈ પરમાર ઉ.વ. ૪૧ રહે. સલ્લા અને (૩) એનીબેન નવીનભાઈ ભરસાડીયા ઉ.વ. ૩ રહે.ગઢ તા. પાલનપુરને ઈજા થઈ હતી. જેઓને તાકીદે સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# ખેડબ્રહ્મામાં ધામધૂમથી જન્માષ્ટમી ઉજવાઈ


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા. ૬

ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિર, સ્વામિનારાયણ મંદિર અને ગઢડા શામળાજી મંદિરમાં શનિવારે ભારે ધામધૂમથી શ્રદ્ધાપૂર્વક જન્માષ્ટમી પર્વ ઉજવવામાં આવ્યું હતું. ગઢડા શામળાજીમાં જન્માષ્ટી પર્વ પર મોટો મેળે ભરાયો હતો. ભગવાનની પૂજા આરતી ભજન કિર્તન કરી જન્મોત્સવ ઉજવાયો હતો. રાધાકૃષ્ણ મંદિરમાં ભગવાનની મહાપૂજાના યજમાન તરીકે પટેલ નાથીબેન નરેશભાઈ તથા ધજા આરોહણના યજમાન પટેલ કનુભાઈ ડાહ્યાભાઈએ ધર્મલાભ લીધો હતો. આ પ્રસંગે મંદિરને લાઈટ, ફૂલ, આસોપાલવથી શણગારવામાં આવ્યું હતું. મંદિરમાં કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે ભજન સતસંગ, ડાયરો યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. કૃષ્ણ જન્મ થતાં જ મંદિર કૃષ્ણ નાચથી ગુંજી ઉઠ્યું હતું.

જન્માષ્ટમી બાદ રવિવારે ખેડબ્રહ્મા શહેરમાં ઠેર ઠેર મટકીફોડના કાર્યક્રમ યોજાયા હતા. જેમાં મોટી સંખ્યામાં ગોવિંદાઓએ ભાગ લીધો હતો.

# હિંમતનગર ખાતે શ્રેષ્ઠ શિક્ષકોનો સન્માન સમારોહ યોજાયો

હિંમતનગર, તા.૬

સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્ર ધ્વારા આયોજીત શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કારનો કાર્યક્રમ રાજયના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાના અધ્યક્ષસ્થાને હિંમતનગરના ટાઉનહોલ ખાતે શનિવારે યોજાયો હતો.

શિક્ષકોને પ્રોત્સાહિત કરતા મંત્રીએ જણાવ્યું હતું કે,જિલ્લાના અંતરીયાળ વિસ્તારોમાં પણ પાયાની સુવિધાઓનો અભાવ હોવા છંતા શિક્ષકો ધ્વારા શિક્ષણરૂપી યજ્ઞ પ્રજ્જવલિત કર્યો છે. જેના થકી શ્રેષ્ઠત્તમ સમાજનું નિર્માણ કાર્ય શક્ય બને છે. રાધાકૃષ્ણનની જન્મ જયંતિરૂપે યોજાતા શિક્ષકદિને નિમિત્તે તાલુકાકક્ષાના ૭, જિલ્લાકક્ષાના ૨ અને સીઆરસી કક્ષાના એક શિક્ષક મળી કુલ ૧૦ સારસ્વતોને શાલ, પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કારથી મંત્રીના હસ્તે સન્માનવામાં આવ્યા હતા.

# પ્રાંતિજમાં માર્કંડેશ્વર મહાદેવની ભવ્ય શાહી સવારી નીકળી


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૬

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી માર્કંડેશ્વર મહાદેવ દાદાની દર વર્ષની જેમ આ વર્ષે પણ મંદિરના વ્યવસ્થાપકો દ્વારા વાજતે ગાજતે સવારી કાઢવામાં આવી હતી. જેમાં શિવભક્તો દ્વારા શ્રી માર્કંડેશ્વર દાદાની પધરામણી ઘરે કરાવી આરતી ઉતારી પ્રસાદ વહેંચી ધન્યતા અનુભવી હતી.

નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પાંડવોના સમયથી અતિપ્રાચીન મંદિર શ્રી માર્કંડેશ્વર મહાદેવની દર વર્ષની જેમ જન્માષ્ટમીના દિવસે પાલખી સ્વરૂપે નગરયાત્રા કાઢવામાં આવી હતી અને અગાઉથી નોંધણી થયેલ શિવભક્તોના ઘરે દાદાની પધરામણી કરવામાં આવી હતી.

જ્યારે શ્રી માર્કંડેશ્વર મહાદેવ દાદાની સવારી વર્ષમાં બે વખત નીકળે છે. જેમાં શિવરાત્રી તથા જન્માષ્ટમી એમાં શિવરાત્રીના દિવસે દાદાની સવારી નાની ભાગોળ બજારચોક તથા ગામના અંદરના રૂટોમાં જાય છે. જ્યારે જન્માષ્ટમીના દિવસો હાઈવે એપ્રોચરોડથી ભાંખરીયા વિસ્તારમાં આવેલ વિવિધ સોસાયટીઓમાં તથા દુકાનોમાં પધરામણી થાય છે. આમ આ વર્ષે પણ શ્રી માર્કંડેશ્વર દાદાની સવારી દર વર્ષની જેમ ઢોલ નગારા સાથે વાજતે ગાજતે નીકળી હતી અને દાદાએ ભક્તોના ઘરે ઘરે જઈ આશીર્વાદ આપ્યા હતા. જ્યારે ભક્તો દ્વારા દાદાની પધરામણી કરાવી દાદાની આરતી ઉતારી પોતે ધન્યતા અનુભવી હતી. દર વર્ષે દાદાની પાલખી ભૂદેવો તથા પટેલ સમાજના યુવાનો દ્વારા નિયત સમયે અને અગાઉ નક્કી કરેલ રૂટ ઉપર થઈ દાદાની સવારી ભક્તોના ઘરે ઘરે લઈ જવામાં આવે છે. અને સંધ્યાકાળ પહેલાં દાદાની સવારી પરત મંદિરમાં પહોચી હતી.

# કોલીખડ ગામે પરણિતાએ તંગ આવી અગ્નિસ્નાન કર્યું

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના કોલીખડ ગામમાં જન્માષ્ટમીની આગલી રાત્રે એક પરણિત મહિલાએ પતિના વહેમીલા સ્વભાવથી તંગ આવી જઈને ઘરમાં અગનપછોડી ઓઢી લેતા ત્યોહારના દિવસોમાં કોલીખડ ગામમાં ગમગીની છવાઈ હતી.

મોડાસા તાલુકાના કોલીખડ ગામમાં જન્માષ્ટમીની આગલી રાત્રે પરણિત મહિલાએ કેરોસીન છાંટી આત્મહત્યા કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

કોલીખડ ગામના શૈલેષભાઈ ફુલાભાઈ રાઠોડના લગ્ન દોઢેક વર્ષથી ઉમેદપુર (દધાલિયા) ગામની મહિલા જીનલબેન (ઉં.વ.૨૦) સાથે થયા હતા. શરૂઆતના લગ્નજીવન બાદ મૃતક મહિલાના પતિ દ્વારા તેની પત્નિને શંકાની નજરે નિહાળી વહેમ રાખી વારંવાર મારઝુડ કરી માનસીક અને શારીરિક ત્રાસ આપતાં વારંવાર પતિ દ્વારા અપાતો ત્રાસ અસહ્ય બની જતાં શુક્રવારે સાંજના ૫ વાગ્યાના સુમારે પોતાના ઘરમાં સરીરે કેરોસીન છાંટી સળગી જતાં સરીરે સખત રીતે દાઝી જતા મૃત્યુ નિપજ્યું હતું.

આ ઘટના અંગે મૃતક મહિલાના કાકા કોદરસીંહ ધુળસીંહ ચૌહાણ (ઉમેદપુર, દધાલિયા) દ્વારા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવતા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.જે. ચૌધરીએ મૃતક મહિલાના પતિ વિરૂદ્ધ આત્મહત્યા માટે અને દુષ્પ્રેરણા માટે મજબૂર કરવા અંગે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

# પાલનપુર ખાતે જન્માષ્ટમી પર્વની ઉમંગભેર ઉજવણી કરાઈ

## ભગવાન શ્રીકૃષ્ણની શોભાયાત્રામાં માનવ મહેરામણ ઉમટ્યો


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા.૬

પાલનપુર ખાતે આજે જન્માષ્ટમી પર્વની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વ હિન્દુ પરિષદ નગર પ્રખંડ દ્વારા જન્માષ્ટમી નિમિત્તે ભગવાન શ્રી કૃષ્ણની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જે શહેરના વિવિધ રાજમાર્ગો પરથી પસાર થઈ હતી. શોભાયાત્રા દરમિયાન મટકી ફોડ કાર્યક્રમએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવ જન્માષ્ટમીની પાલનપુર ખાતે પરંપરાગત રીતે ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. જય રણછોડ માખણચોરભભ ના ગગનભેદી ના જયઘોષ સાથે શહેરના બ્રિજેશ્વર કોલોનીથી નીકળેલી ભગવાન શ્રી કૃષ્ણની ભવ્ય શોભાયાત્રા શહેરના વિવિધ રાજમાર્ગો પર ફરી નીજ મંદિરે પરત ફરી હતી. માર્ગમાં ઠેર-ઠેર શોભાયાત્રાનું ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું.

આ શોભાયાત્રા દરમિયાન ભગવાન શ્રી રાધા કૃષ્ણ અને ભારતમાતાની ઝાંખી સાથે નીકળેલી શોભાયાત્રામાં માનવ મહેરામણ ઉમટી પડતા ભભ હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલ કીભભ ના જયનાદ સાથે સમગ્ર માહોલ કૃષ્ણમય બની ગયો હતો.

# અરવલ્લી જીલ્લામાં શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ કાર્યક્રમ યોજાયો


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા.૬

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક એવા મોડાસા શહેર માં જીલ્લા લેવેલ ના શ્રેષ્ઠ શિક્ષકો ને પારિતોષિક એનાયત કરવાનો કાર્યક્રમ મોડાસા ટાઉન હોલ ખાતે યોજવામાં આવ્યો હતો તેમાં જીલ્લા કલેક્ટર, ડી. ડી. ઓ. સહીતના મહાનુભાઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસા શહેર ના ચાર રસ્તા ઉપર આવેલ શ્રી મહાલક્ષ્મી ટાઉન હોલ ખાતે અરવલ્લી જીલ્લા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં મંચસ્થ જીલ્લા પ્રમુખ નેહાબેન પટેલ જીલ્લા વિકાસ અધિકારી સુધીરભાઈ પટેલ, જીલ્લા શિક્ષણ અધિકારી એ. પી. ઝાલા, અને શિક્ષણ સમિતિ ચેરમેન વિષ્ણુકુંવરબા ચૌહાણ હાજર રહ્યા હતા જયારે કાર્યક્રમના ઉદગાટક જીલ્લા કલેક્ટર એસ. છાકછુઆક એ મંચસ્થ મહેમાનો સાથે દિપ પ્રગટ્યા કરી આ કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો.

# હિંમતનગર સહિત જિલ્લામાં જન્માષ્ટમી પર્વની શાનદાર ઉજવણી

હિંમતનગર, તા.૬

શ્રાવણ માસના પવિત્ર તહેવાર તરીકે ઉજવાતા જન્માષ્ટમી પર્વની શનિવારે જિલ્લામાં ઉત્સાહભેર ઉજવણી થઈ હતી. જે નિમિત્તે અનેક કૃષ્ણ મંદિરોમાં જન્મોત્સવ તથા નંદ મહોત્સવની ઉજવણી કરાઈ હતી. તેમજ હિંમતનગર સહિત પ્રાંતિજ, તલોદ, ખેડબ્રહ્મા, વડાલી, વિજયનગર સહિતના અન્ય સ્થળે પણ પર્વની ઉજવણી કરાઈ હતી.

જન્માષ્ટમી નિમિત્તે હિંમતનગરના મોતીપુરા, શારદાકુંજ, ગિરધરનગર અને ભાટવાસમાં જન્માષ્ટમી પર્વ ઉજવાયુ હતું. તેમજ મોતીપુરા વિસ્તારમાં આવેલ મંદિરમાં જન્માષ્ટમી નિમિત્તે કૃષ્ણ યુવક મંડળ દ્વારા પ્રદર્શન અને કૃષ્ણ જન્મોત્સવ અંતર્ગત અભિનયના કાર્યક્રમ યોજાયા હતા. ભોલેશ્વર મંદિરમાં પણ રાત્રે જન્મોત્સવ ઉજવાયો હતો તથા મટકીફોડનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. તેજ પ્રમાણે રાધાકૃષ્ણ મંદિર, રામભકત હનુમાન મંદિર, પોલોગ્રાઉન્ડના પંચદેવ મંદિર, મહાકાલી મંદિર, અલકાપુર અને રાજેન્દ્ર બાગમાં પણ રવિવારે પારણાનો કાર્યક્રમ યોજાયો હતો. સ્વસ્તિક, દિવ્ય, સ્નેહલ અને અંકુર સોસાયટીવાસીઓએ કૃષ્ણ જન્મોત્સવ બાદ રાસગરબાનું આયોજન કર્યુ હતું. વિકાસ યુવા ભાટ મંડળ દ્વારા શનિવારે વિવિધ વિસ્તારોમાં મટકીફોડના કાર્યક્રમોનું પણ આયોજન કરાયુ હતું. લાયન્સ કલબ ઓફ હિંમતનગર ડીવાઈન દ્વારા પણ કાર્યક્રમ યોજાયો હતો.

પોશીના ખાતે આવેલ રામજી મંદિર તથા સ્વામીનારાયણ મંદિરમાં જન્માષ્ટમી નિમિત્તે અન્નકૂટ ભરવામાં આવ્યો હતો તથા સંતો દ્વારા સત્સંગનો કાર્યક્રમ યોજાયો હતો.

વિજયનગરમાં વર્ષો અગાઉ ભરાતો ગોકળ આઠમનો મેળો હવે ધીરે ધીરે ઈતિહાસરૂપી બની રહ્યો છે. જોકે જન્માષ્ટમી હોવાને કારણે કેટલાક મંદિરોમાં પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જો કે પ્રતાપગઢ, આંતરી, ધોળીવાવ, ઉમિયાનગર સહિતના સ્થળે પણ વિવિધ કાર્યક્રમ યોજાયા હતા.

મોયદમાં પણ મટકીફોડ તથા રાસગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. તેજ પ્રમાણે પલ્લાચર, બાલીસણા, સોનાસણ,ફેતપુર, સલાલ, દલપુર અને વદરાડમાં પણ જન્માષ્ટમી પર્વ ઉજવાયુ હતું.

# પ્રાંતિજ તાલુકાના ત્રણ ગામથી રણુજા પગપાળા સંઘનું પ્રસ્થાન


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોરીયા, સીતવાડા, બોભા ગામેથી પરંપરાગત દસ વર્ષથી રણુજા ખાતે પગપાળા સંઘ નીકળે છે. આ વર્ષે પણ ૮૦ થી પણ વધારે ભક્તો જોડાયા હતા અને ૪-૯-૨૦૧૫ના રોજ સવારના સમયે સંઘનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

અલખધનીના નામે નીકળેલ પગપાળા સંઘને ગામજનો દ્વારા વાજતે ગાજતે પ્રસ્થાન કરાવ્યું હતું. જ્યારે મહિલાઓ દ્વારા કુમકુમ તિલક કરી શુભ કામનાઓ પાઠવવામાં આવી હતી. જ્યારે છેલ્લા દસ વર્ષથી ત્રણે ગામના લોકો દ્વારા સમુહમાં સંઘનું આયોજન કરવામાં આવે છે. ૧૩ દિવસમાં ૮૦૦ કિલોમીટર અંતર કાપી રણુજા ખાતે આવેલ અલખધનીના ઓટલે પહોંચી દર્શન કરી ધન્યતા અનુભવશે.